# જીવનની દિવ્યતા

વિચારવા જેવો એક મૂળભૂત પ્રશ્ન છે કે આ જીવનનો અર્થ શું ? આ જીવનનો હેતુ અને ઉદ્દેશ્ય શું ? what is the meaning and purpose of this life? શું જીવન ગાડરિયા બળદની જેમ જીવી જવાનું છે કે પછી એનો કોઈ સાર્થ અર્થ છે. જીવનમાં દિવ્યતા છે.

જૈનધર્મ- હિંદુધર્મ પુનર્જન્મની સિધ્ધાંતમાં માને છે. પરંતુ સાથે સાથે વર્તમાનમાં જીવવાની પણ સલાહ આપે છે. હંમેશા કહે છે કે ભૂતકાળને ભૂલી જાવ અને ભવિષ્યની ચિંતા છોડો. ફક્ત અને ફક્ત વર્તમાનમાં જીવો. તો શા માટે નર્ક અને સ્વર્ગની વાતો કરવી. એવી પણ શક્યતા છે કે ફક્ત આ એક જ જીવન હોય ?

આપણે એ પણ જાણીએ છીએ કે ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જવાના છીએ. સંસારની બધી જ વસ્તુઓ, અરે, આપણું શરીર પણ, ફક્ત અને ફક્ત પંચમહાભૂતોમાંથી- પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ – બનેલું છે અને પંચમહાભૂતોમાં વિલીન થઈ જવાનું છે. તો આ જીવનની સાર્થકતા શેમાં ? આ જીવનની દિવ્યતા શેમાં ?

નાનું બાળક આપણને સૌને ગમે છે. તેનું એક મુખ્ય કારણ તેની નિર્દોષતા છે. તેને સંસારના રંગો ચડેલા નથી. પરંતુ જેમ જેમ તે બાળક મોટું થતું જાય છે તેમ તેમ એ સંસારની રંગે રંગાવા લાગે છે. તેનામાંથી સરળતા, સહજતા, નિર્મળતા, નિર્દોષતા વગેરે જવા લાગે છે અને સમાજની કહેવાતી હોંશિયારી, લુચ્ચાઈ, સ્વાર્થતા વગેરે આવવા લાગે છે.

જેમ જેમ હરીફાઈ વધતી જાય છે તેમ તેમ તેના ક્રોધ, અભિમાન, માયા-પ્રપંચ, લોભ જેવા કષાયો તેની જીવનમાંથી સુખ, શાંતિ અને પ્રસન્નતા છીનવી લે છે.

આપણા ગમા-અણગમાનો ભાવ વિકસિત થવા લાગે છે. પરિસ્થિતિનો સ્વીકારભાવ આપણે કરી શકતાં નથી. આપણે ધર્મ કરીએ છીએ (ક્રિયાઓ) પરંતુ ધર્મમય જીવન જીવી શકતા નથી. આપણામાંથી અદ્વૈતભાવ (non-duality) નું

વિસર્જન થઈ, ફક્ત અને ફક્ત દ્વૈતભાવ રહી જાય છે. અને આ સર્વે આપણા દુઃખ અને અશાંતિનું કારણ બની જાય છે.

જૈનધર્મ કહે છે રાગ અને દ્વેષ જ સર્વે અશાંતિના કારણ છે અને આ રાગ-દ્વેષને દૂર કરવા હોય તો સાક્ષીભાવ- દ્રષ્ટાભાવ- જ્ઞાતાભાવ- તટસ્થભાવમાં રહેતા શીખો. ગમા-અણગમાના ભાવને દૂર કરો.

આજે, કુદરતમય જીવન જીવવાની જરૂર છે. કુદરતા પાસે અગાધ શક્તિ અને સંપત્તિ છે અને એ અગાધ શક્તિ અને સંપત્તિ મેળવવા માટે કુદરતના દરેક જીવો પ્રત્યે પ્રેમ, કરૂણા, અનુકંપા કેળવવી જરૂરી છે universeની frequency સાથે આપણા vibration ભળી જવા જરૂરી છે. વિશ્વના સ્પંદનો સાથે આપણા સ્પંદનો વણાય જવા જોઈએ.

રવીન્દ્રનાથ ટાગોરની એક સુંદર કવિતા છેઃ

ઈશ્વરનાં ચરણોમાં પુષ્પ ચઢાવવા મંદિર ન જશો,

પહેલાં તમારા ઘરને પ્રેમની ખુશ્બુથી મઘમઘતું કરજો....

ઈશ્વર સામે દીવો પેટાવવા મંદિર ન જશો,

પહેલાં તમારા હ્રદયમાં રહેલાં પાપોનાં અંધારા દૂર કરશો...

ઈશ્વર સામે તમારું શિશ પ્રાર્થનામાં ઝૂકાવવા મંદિર ન જશો,

પહેલાં આદર, સન્માન અને નમ્રતાથી ઝૂકતા શીખજો...

ઈશ્વર સામે ઘૂંટણિયે ઝૂકી પ્રાર્થના કરવા મંદિર ન જશો,

પહેલાં દુઃખો અને અન્યાયથી પીડિતને ઊભા કરવા ઝૂકશો...

ઈશ્વર સામે તમારા પાપોની ક્ષમાયાચના કરવા મંદિર ન જશો,

પહેલા સર્વજનને હ્રદયપૂર્વક માફી આપશો...

ઓશોનું એક વિચક્ષણ વાક્ય છેઃ

"The real question is not whether life exists after death. The real question is whether we are alive before death."

શું આપણે જીવન જીવી રહ્યા છીએ. Are we really happy with our life? શું આપણે ક્ષણેક્ષણે પરમ સુખ, પરમ શાંતિ અને પરમ પ્રસન્નતાની અનુભૂતિ કરી રહ્યા છીએ.

મનુષ્ય ઘર બદલે છે, પહેરવેશ બદલે છે, દોસ્ત બદલે છે, અરે સંબંધો પણ બદલે છે છતાં પરેશાન રહે છે. કારણ ? એ પોતાને બદલતો નથી.

મિર્ઝા ગાલિબનો એક સુંદર શેર છેઃ

"उम्रभर गालिब यही भूल करता रहा,

धुल चहेरे पे थी, और आईना साफ करहा रहा |"

જરૂર છે "નાદાન" અને "નિખાલસ" બનવાની જેમાં જિંદગીની મઝા છે. પરંતુ જ્યારથી 'સમજુ' બની ગયા છીએ ત્યારથી આપણા બદલે જિંદગી મઝા લઈ રહી છે.

પરિસ્થિતિનો સ્વીકારભાવ જરૂરી છે. જૈનધર્મમાં ચાર પ્રકારના ધ્યાનનું વર્ણન છે. પરિસ્થિતિનો અસંતોષ એ આર્તધ્યાન છે. પરિસ્થિતિનો સંઘર્ષ, સામનો એ રૌદ્રધ્યાન છે. પરિસ્થિતિનો સ્વીકાર એ ધર્મધ્યાન છે. અને ખુદ પરિસ્થિતિ ઉપર પ્રભુત્વ એ તો સહુથી ઉત્તમ શુક્લધ્યાન છે.

જીવનનો હેતુ અને ઉદ્દેશ્ય ફક્ત અને ફક્ત આપણા પોતાના મૂળ સ્વભાવમાં રહેવું. આપણો મૂળ સ્વભાવ છે શાંતિ અને પ્રેમ. its living a fulfilling Life. Life is nothing but a pursuit of happiness. અને આ જીવનની દિવ્યતા છે, જીવનની સાર્થકતા છે.